ગિરનારની ધન્ય ધરા પર

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

આ ભવમાં... આવતા ભવની તૈયારી કરાવતાં
આત્મ કલ્યાણકારી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ સંપન્ન

JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 14 | Issue 6 | Mumbai | October - 2023| Price Rs. 25/- | Pages : 28




**340થી વધુ તપસ્યા**
- 55 ઉપવાસ • 45 ઉપવાસ
- 35 ઉપવાસ
- 27 માસક્ષમણ
- 150થી વધુ અઠ્ઠાઈ
- ધર્મચક્ર, સિદ્ધિ તપ આદિ


- 26,000 + જરૂરીયાતમંદોને લાડવાનું વિતરણ થયું
- 14 મહાસ્વપ્ન દ્વારા સત્કાર્યો માટે કરોડો રૂપિયાનું અનુદાન જાહેર થયું
- ઐતિહાસિક, પ્રેરણાત્મક અને હૃદયસ્પર્શી નાટિકાઓ અને દૃશ્યાંકનોની પ્રસ્તુતિ થઈ
- World Navkar Dayના 5,00,00,000 (પાંચ કરોડ)થી વધુ નમસ્કાર મંત્રના જાપ થયાં
- આત્મશુદ્ધિના પ્રયોગો સાથે Inner Cleaning Courseમાં દોષમુક્તિની સાધનાઓ કરાવી
- Digital media, Zoom live, સોહમ અને પારસ ચેનલના માધ્યમથી 140 દેશોના ભાવિકો જોડાયાં

**સમસ્ત ચાતુર્માસનો લાભ લઈ શ્રી કાંકરીયા પરિવાર ધન્ય બની રહ્યાં છે**

# પર્યુષણ  મહાપર્વ

## પોતાની ભગવાન અવસ્થાને
## પ્રગટ કરવાનો અવસર,

# માનવતા  મહોત્સવ



## બીજાને ભાગ્યવાન
## બનાવવાનો અવસર!



સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર

JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th October 2023, YEAR: 22, ISSUE - 271
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 25



## પર્યુષણના પ્રથમ દિવસે પ્રવચનનું પ્રથમ વાક્ય હતું...

બની શકે છે કે,
આ તમારા પહેલા પર્યુષણ ન હોય
અને બની પણ શકે છે કે,
આ તમારા અંતિમ પર્યુષણ હોય ! !

**જો આ તમારા અંતિમ પર્યુષણ હોય તો...! ?**
તો તમે **શું કરો ?** તમે **કેવી રીતે મનાવો ?**
તમારા **ભાવો કેવા હોય ?**
તમારી **સાધના-આરાધના કેવી હોય ?**
અને તમારી **ક્ષમાપના કેવી હોય ?**

આવો... જાણીએ, મુક્તિના પથગામી પરમ ગુરુદેવ
એ માટે કેવા આત્મા શ્રેયસ્કર અને
ગુણવૃદ્ધિકર master points ફરમાવે છે...

શું તમે પાણી પીવો છો, ત્યારે કોઈ તરસ્યાને યાદ કરો છો ? ના !
આવો... જાણીએ, **વિશ્વ વત્સલ પરમ ગુરુદેવ
માનવતાની નવી પરિભાષા સાથે પુણ્ય** exchange
**કરવાના કેવા** visionary points **ફરમાવે છે...**

**'સ્વ' અને 'સર્વ'
કલ્યાણની ભાવનાને શ્રેષ્ઠ બનાવવા,**
અવશ્ય વાંચો... જૈન-ક્રાંતિનો આ અંક !

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD,
GHATKOPAR (E), MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT
PARAM GURUDEV
CONTACT ON: +91-9860905678**



# “ પરિવારને સુખી કરવાનો મહામંત્ર નમો tolerance power ”

## પ્રથમ દિવસ



## પધારો... પધારો હે પર્વાધિરાજ !

**અમારી દિવસોની પ્રતીક્ષાને પૂર્ણ કરીને આપ પધાર્યા છો, ત્યારે હે પ્રભુ ! અમારા હૃદયમાં બિરાજો, અમારા અંતરમાં, અમારા નયનમાં બિરાજીને અમને પાવન કરો !**



# સહન કરવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

કોઈ મને મનાવવા આવે તેની પહેલા જ મારે માની જવું છે.

- જૈન ધર્મનો શ્વાસ છે સહનશીલતા !
- સહન કરવામાં લાચારી અને સહનશીલતામાં વીરતા હોય છે.
- **કષ્ટ** આપણી વેરની પરંપરાને **નષ્ટ** કરવાનો ઉપાય છે.
- જે સામેથી સહન કરે છે તેને પ્રભુ પણ welcome કરવા આવે છે.
- સહન કરનાર ક્યારેય **ગણતરી** નથી કરતા અને **ગણતરી** કરનાર ક્યારેય સહન નથી કરતા.
- **પરમાત્મા કહે છે, જેની સહન કરવાની તૈયારી છે એના જ ધર્મની શરૂઆત થાય છે.**
- જે સહનશીલ બનીને થોડુંક પણ સહન કરે છે એના અનંત કર્મો ક્ષય થઈ જતાં હોય છે.
- પરમાત્મા કહે છે, દુ:ખ સાથે જેણે સગાઈ કરી એની જ મોક્ષ યાત્રા આગળ વધી છે.
- જેની સહન કરવાની તૈયારી હોય તેના પર્યુષણ સાર્થક થાય.
- પોતાની અંદર રહેલા દ્વેષના pollutionને, સ્વચ્છતા અભિયાન ચલાવી, સ્વચ્છ કરવું તેનું નામ પર્યુષણ !
- અનુકૂળતા હંમેશા અધર્મ કરાવે અને પ્રતિકૂળતાને સહન કરનારી ચંદનબાળાના આંગણે પ્રભુ સામે ચાલીને પધારતાં હોય છે.
- અનુકૂળતાને મિત્ર માનનાર પ્રભુથી દૂર અને પ્રતિકૂળતાને મિત્ર માનનાર પ્રભુની પાસે હોય છે.
- પ્રતિકૂળ પરિસ્થિતિઓને સહન કરવું તે છે ધર્મ !
- પ્રતિકાર અને આક્ષેપ અતિક્રમણ છે, જ્યારે સહનશીલતા એ પ્રતિક્રમણ છે.
- **પશ્ચાતાપના આંસુથી, કોઈની આંખમાંથી વહાવેલા આંસુને ધોવાનો અવસર એટલે પર્યુષણ !**

## "मैं तैयार हुँ" ની બેજોડ પ્રસ્તુતિ

ગિરનારની ધરા પર ઘટિત થયેલી ગજસુકુમાલમુનિની સહનશીલતાની પરમ વંદનીય સાધનાને તાદૃશ્ય કરતી હૃદયસ્પર્શી નાટિકા "मैं तैयार हुँ"ના દૃશ્યો ન માત્ર સૌને નત મસ્તક કરી ગયા પરંતુ હજારો વર્ષ પહેલાંની એ ઘટનાના જીવંત સાક્ષીદાર હોવાની સૌને અનુભૂતિ કરાવી ગયાં.



## રાત્રિ પ્રવચન

My Sanskriti, My identity

# My IMMUNITY booster

The TAP culture!

- **પર્યુષણ આપણી સંસ્કૃતિ છે કે સંસ્કાર ?**
- સંસ્કૃતિ બદલવા છતાં જો આપણી અંદરના સંસ્કાર ન બદલાય, તો સમજવું આપણા અને પરમાત્માની વચ્ચે વધુ distance નથી.
- આપણે શુભ સંસ્કૃતિનું સર્જન કરશું તો કોઈના સંસ્કાર જાગી જશે.
- **પરમાત્માને પ્રાર્થના કરો**, મને એવા cultureમાં જન્મ મળે, જે મારી માટે કલ્યાણનો માર્ગ બની જાય !
- અનંતકાળના આહારના સંસ્કારોને તોડવા તેનું નામ ઉપવાસ !
- ઉપવાસ એટલે ભાવિના સંથારાનું બીજ વાવવું.
- આહાર અવગુણ નથી પણ આહારના કોઈ પદાર્થનુ addiction અવગુણ છે.
- જે tasteને જીતી લે છે, તે lifeની કોઇ પણ testમાં fail નથી થતા.
- **તપના સંસ્કારની પ્રેરણા**
  - 1st week નવકારશીના સંસ્કાર પાડવા.
  - 2nd week પોરશીના સંસ્કાર પાડવા.
  - પગથિયાં પગથિયાં ચડાય તો ક્યારેક શિખરે પહોંચાય.



પ્રથમ દિવસનો બોધ પામી હજારો હૃદય વિનવી રહ્યાં, 'હે પ્રભુ ! તારી જેમ સહનશીલ બનીને એક દિવસ અમારે પણ ભગવાન બનવું છે.'



“ સંબંધોને સુખી કરવા I love you કરતા પણ effective words : I understand you. ”

## દ્વિતીય દિવસ

# હે પ્રભુ !

**સમજણ દેહે મારા હૃદયમાં પધારો !**
**મારી માન્યતાઓના પિંજરામાંથી મને મુક્તિ અપાવો !**



# સમજવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

પ્રભુની અને મારી સમજ એક કરવા
પ્રભુ માને છે એવું એક સૂત્ર
હું રોજ જાણતો અને વાંચતો થઈ જઈશ

- ધર્મનો સાર સમાધિ છે.
- સમજણની મૂડીને નગણ્ય કરીને આ જગત સંપત્તિની મૂડીને પામવા દોડી રહ્યું છે. જેની પાસે સમજની મૂડી વધુ, તે સમૃદ્ધિવાન વધુ.
- ધર્મને મનોરંજનનો નહીં પણ મનોમંથનનો વિષય બનાવવો.
- આપણી અંદરમાં રહેલી અસમાધિ કાઢવા, સમજ સિવાય બીજું કશું કામ ન કરે.
- **જેની સમજ ખીલે તેનો ચહેરો હંમેશા ખીલેલો રહે.**
- જ્યાં સમજ હોય ત્યાં મૌન હોય, જ્યાં ગેરસમજ હોય ત્યાં અબોલા હોય.
- જેવું છે તેવું ન ધારવું અને જેવું નથી તેવું ધારી લેવું, તેનું નામ ગેરસમજ.
- ગેરસમજ ઘટાડવા ગુરુ સમજ વધારો.
- જે સમજ આગ્રહ બની જાય છે, તે સમજથી ‘અણસમજ’ બની જાય છે.
- જે બીજાને સમજતા નથી, લોકો તેને સમજતા નથી.
- જ્ઞાની એ હોય જે પોતાને અલ્પજ્ઞાની માને. મોક્ષમાર્ગ જ્ઞાનથી સર્જાય છે અને જગતના તમામ દુ:ખ અણસમજથી સર્જાય છે.
- સંગ કરવો તો સમજદારનો કરવો, હોંશિયારનો નહીં. હોંશિયાર પોતાનો સ્વાર્થ જોવે અને સમજદાર તમારી સમાધિ જોવે.
- **જ્ઞાન** હોય ત્યાં **સમાધિ** અને **અજ્ઞાન** હોય ત્યાં **અસમાધિ** હોય છે.
- **ગુરુના એક એક વચનને સોનાના સિક્કાનું વરસીદાન માનીને ઝીલે તેનું જીવન ધન્ય બની જાય.**
- પ્રભુ મને દાન આપવું હોય તો, મને સમજનું વરદાન આપી દે.
- પ્રભુ, આપથી દૂર ભાગવું એ જ મારું સૌથી મોટું દુર્ભાગ્ય છે.




**સ્વયંની માન્યતાના પીંજરામાં કેદ**
**આત્માની મુક્તિની ચાવી મળી, આગમ ગ્રંથમાંથી !**



**હે પ્રભુ ! તુજ અક્ષરદેહરૂપ**
**આગમ ગ્રંથને હો અગિણત વંદના !**

રાત્રિ પ્રવચન

My Sanskriti, My identity

# My LIFE changer The VINAY culture!

- વિનય માત્ર સંસ્કૃતિ નહીં પણ સંસ્કાર હોવો જોઈએ.
- કોઈ શીખવનાર ન હોય છતાં પોતાની મેળે જ આવડી જાય તેને કહેવાય સંસ્કારોનો વિનય !
- વિનય જ આપણા આવતા જન્મના structureનું નિમિત્ત હોય છે.
- **જ્યાં વિનય હોય છે ત્યાં સુખ, શાંતિ અને સ્વસ્થતાની સમૃદ્ધિ હોય છે.**
- જીવની સાથે જડનો પણ વિનય કરવો જોઈએ.
- જ્યાં inner respect હોય છે ત્યાં voice soft હોય છે.
- સવારે ઉઠી પોતાના બંને હાથોથી કરાતો વડીલોનો ચરણ સ્પર્શ, તમારી હાથની રેખામાં રહેલી આપત્તિની રેખાને પણ બદલી શકે છે !
- હું જ્યારે ગુરુ પાસે હોઉં ત્યારે હું શિષ્ય બની જાઉં અને જ્યારે હું ગુરુથી દૂર હોઉં ત્યારે હું ગુરુ બની જાઉં !
- ગુરુ અને શિષ્યના વિચારોની ઐક્યતા અને વચનોની સામ્યતા, તેનું નામ વિનય !
- જે દિવસે શિષ્ય ગુરુના ભાવોને સમજી લે છે ત્યારે, માત્ર ગુરુના ચરણસ્પર્શ નહીં પણ આચરણ સ્પર્શ થઈ જાય છે.
- **આપણો વિનય એવો હોય જે અન્ય માટે વિદ્યાલય બની જાય.**
- તમારું blood કોઈને ચડી જાય અને તે દોડીને તમારા ગુરુના ચરણમાં પડી જાય તો માનજો તમે 100% શિષ્ય છો.
- **આપણી પ્રાચીન વિનય સંસ્કૃતિ..**
  - ગુરુ અથવા વડીલથી ઉંચા આસને ન બેસવું.
  - સવારે ઊઠી વડીલોના ચરણસ્પર્શ કરવા.
  - સવારે પોતાના કાર્ય ક્ષેત્રમાં જઈ સૌથી પહેલા ઝૂકીને પ્રણામ કરી પછી જ કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવો.
  - કોઈને કંઈક આપવા કે કોઈની પાસેથી કંઈ લેવા સમયે બંને હાથનો ઉપયોગ કરવો, એક હાથેથી દેવું કે લેવું નહીં.
  - બાળકોને રોજ સવારે સંત દર્શન માટે લઈ જવા, સંત દર્શન પહેલા પાણી પણ ન આપવું.




“ પાપી પણ પરમાત્મા બની શકે છે માટે,
કોઈની માટે મગજમાં image fix ન કરવી. ”

## તૃતીય દિવસ

### હે પ્રભુ !

**સાકર જેમ પાણીમાં ઓગળે એમ આપના શરણમાં
સર્વ ભૂલોનો સ્વીકાર કરી, પાપનો એકરાર કરી, દોષોની આલોચના કરી, આપનામાં સમાઇ જવું છે !**



## સ્વીકાર કરવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

**જ્યારે પાપ થશે
ત્યારે જ કરીશ પશ્ચાતાપ !**

- પરમાત્માના હૃદયમાં પધારવાની પહેલી terms and conditions, હૃદયપાત્રની શુદ્ધિ !
- આપણે આપણી ભૂલ confess કરીએ કે સામેવાળાને ભૂલ convince કરાવવાની કોશિશ કરીએ ?
- **Argumentless acceptance પરમાત્માને હૃદયમાં પ્રવેશ કરાવવાનો path હોય છે.**
- સરળતા હોય ત્યાં સહજ સ્વીકાર હોય.
- જે સરળ હોય છે એ જ confession કરી શકે છે.
- Confession કર્મ મુક્તિનો ઉપાય છે.
- જ્યાં પોતાની ભૂલોની ‘એકરાર’ છે, ત્યાં જ નવકારને સાચ્ચા ‘નમસ્કાર’ છે.
- આપણી સૌથી મોટી ભૂલ છે, અન્યની ભૂલને જોવી.
- Mistakeને accept ન કરવી તે big mistake હોય છે.
- જેનામાં માથું મારવાની ટેવ હોય, એ પ્રભુને ગમે એટલું માથું નમાવે તો પણ નિષ્ફળ જાય.
- જે ભૂલ કરી પોતાની ભૂલને ભૂલી જાય, તે ભૂલને વધારી દેતા હોય છે.
- પોતાની ભૂલને જોવી એને જૈન ધર્મનો શ્રેષ્ઠ સિદ્ધાંત આલોચના કહેવાય છે.
- **આલોચના પ્રભુને હૃદયમાં પધરાવવાની આમંત્રણ પત્રિકા છે.**
- જે પરિવારમાં ભૂલ સ્વીકારવાની તૈયારી ઓછી, ત્યાં રાગ-દ્વેષનું આયુષ્ય વધતું હોય છે.
- પ્રભુ હું આપને પાત્ર બન્યો છું એ કહેવાની પાત્રતા એટલે આલોચના !

## ઈતિહાસને જીવંત કરી ગયું બેનમૂન દશ્યાંકન



જેની જીવનકથા પરથી એક આખું આગમ ગ્રંથ 'શ્રી રાયપસેણીય સૂત્ર' રચાયું છે, એવા જૈન દર્શનના અમર પાત્ર રાજા પરદેશીના જીવન પર આધારિત નાટિકા ''मेरे जीवन में गुरु''ની બેનમૂન પ્રસ્તુતિએ ઉપસ્થિત હજારો ભાવિકોના હૃદયમાં એવી ભાવના-સંવેદનાઓને ઝંકૃત કરી દીધી કે, પોતાના સ્થાનથી ઉભા થઈને, ભીની આંખે, જોડાયેલાં હાથે પરમ ગુરુદેવના શરણમાં પોતાના પાપ-દોષોની આલોચના કરીને શરણાધિન બનતાં એ એકેએક ભાવિકોના પોકાર અને યાચના કરતાં દશ્યો, સમગ્ર પર્વાધિરાજ પર્વની એક અમીટ તસ્વીર કંડારી ગયાં !

રાત્રિ પ્રવચન

My Sanskriti, My identity

# My FAMILY doctor

The JATNA culture!

- ભગવાનના દર્શન કરવા તે આપણી શ્રદ્ધા છે પરંતુ દરેક જીવમાં ભગવાનને જોવા તે આપણી જતના છે. **પ્રભુ મહાવીરનો ભક્ત એ હોય જે જતનાને jewellery માને.**
- આપણા પગલાં કોઈને પજવનારા નહીં પણ પણ પૂજાય તેવા હોવા જોઈએ.
- જેની નજર નીચી હોય છે તે પરમાત્માની નજરમાં ઊંચા હોય છે.
- હે પ્રભુ ! મારાથી કોઈને ઉપસર્ગ ન આવે એવા હૃદયનું દાન આપી દે.
- હે પ્રભુ ! તારા હૃદયનું મારા હૃદયમાં transplant કરવાનું વરદાન આપી દે.
- કોઈને અશાતા દેનાર અન્યને નહીં પણ સ્વયંને જ અશાતા આપે છે.
- **જતના પાળવાની પ્રેરણા :**

- Animal tested product ન વાપરવા.
- હું કોઈની વેદનાથી, મારા સૌંદર્યનું 'વૈભવ' વધારીશ નહીં.
- સવારે ઉઠી, નીચે જોઈ પછી જ bedમાંથી પગ નીચે મૂકવો, જેથી કોઈ નાના જીવની હિંસા ન થાય.
- નીચે જોયા વિના ચાલવું એટલે અસંખ્ય જીવોને punishment આપવી.
- દરવાજો ખોલવા કે બંધ કરવા સમયે ધ્યાન રાખવું, ગરોળી કે કોઈ જીવની હિંસા ન થાય.
- રાત્રે ક્યારેય એંઠા વાસણ રાખી ન મૂકવા, જેનાથી તેમાં ઉત્પન્ન થતા જીવોની હિંસાથી બચી શકાય.
- મચ્છરદાનીમાં પોતાની સુરક્ષા માટે નહીં પણ, એની માટે સુવું કે ઊંઘમાં અજાણતા પણ કોઈ મચ્છર મરી ન જાય.
- કોઈક જીવે તમારા ઘરમાં, એનું ઘર બનાવ્યું હોય તો તે તોડવાનું પાપ ન કરવું, પહેલેથી જ સ્વચ્છતા રાખવી.
- રસોઈયા અથવા કામવાળાને દરેક જીવ બચાવવા માટે એક નાનકડી રકમ આપવી, જેથી તેઓ પણ કામ કરતા જતન રાખે.
- ન સ્વયં કંદમૂળ ખાવું, ન ઘરે આવેલા મહેમાનોને ખવડાવી અનંત જીવોના હિંસક બનવું.
- આપણે જતનાનું પાલન કરવું અને અન્ય પાસે પણ કરાવવું.
- **જતનામાં શરમ રાખશો તો કર્મ ક્યારેય તમારી શરમ નહીં રાખે.**



Confessionથી પોતાની Selfને correct કરી રહ્યાં ભાવિકો !

॥ સિદ્ધા સિદ્ધિં મમ્ દિસંતુ ॥



"સમય પર જે પોતાના બે હોઠ જોડી રાખે,
એ આખા પરિવારને જોડી રાખે છે."

# ચતુર્થ દિવસ

## નેમ-રાજુલ જેવી રાગ રહિત અતૂટ પ્રીત કરીને, સ્વજનને પ્રભુ પાત્ર બનાવવાની પ્રેરણા પામી ચતુર્થ દિને ધન્ય-ધન્ય બન્યાં ભાવિકો

## "સંસાર વધારે તેની સાથે નહીં, મોક્ષ સુધીનો સંગાથ આપે એની સાથે જીવન વ્યતીત કરવું છે."



# સાથે રહેવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

બાર મિનિટનો પ્રસંગ પૂરો થાય પછી એને 12 કલાક મગજમાં ન રાખી, મગજમાંથી 'બહાર કાઢી નાંખવો !'

- **પ્રભુ પરિવાર કેવો હોય ?**
- જ્યાં હું ભગવાન બનવામાં ભૂલ કરું ત્યાં તું મારી ભૂલ બતાવજે. જ્યાં તું ભગવાન બનવામાં ભૂલ કરે ત્યાં હું તને અટકાવીશ.
- જે પરિવારમાં **સંભળાવવાવાળા** નહીં પણ **સાંભળવાવાળા** હોય તે પ્રભુ પરિવાર હોય.
- જે પરિવાર એકબીજાની અંતરાય નહીં પણ અનુમોદના કરે તેને પ્રભુ પરિવાર કહેવાય છે.
- જ્યાં દિલમાં distance વધુ હોય છે, ત્યાં volume મોટું હોય છે.
- જીવનપાત્રની વિદાય પર આંસુ આવે તો સમજવું જીવન રાગમાં વિતાવ્યું છે.
- જે ઘરમાં પોતાની વ્યક્તિને સાંભળવાનો જ સમય ન મળે એ ઘર 'ધર્મશાળા' બની જાય છે.
- ઘરના દરવાજા ઉપર બોર્ડ હોય, 'અહિં પ્રભુ પરિવાર વસે છે.'
- ઘરમાંથી બહાર નિકળતા પહેલા જમણો પગ બહાર મૂકીને કહે, પ્રભુ સાથે રહેજો.
- ઘરમાં પ્રવેશ કરે એની પહેલા બહારનો બધો ભાર બહાર જ ઉતારી, બે મિનિટ માટે કોઈ મંત્રનું સ્મરણ કરી, પોતાની negative Auraને clean કરી પછી હળવા થઈ ઘરમાં પ્રવેશે.
- પ્રભુ પરિવાર એ હોય જ્યાં રોજ રાત્રે સુતા પહેલા ઘરસભા થાય, સર્વ મંડલાકારે સાથે બેસી, નવકાર કે કોઈ મંત્રનો જાપ કરે, સત્ શાસ્ત્રના એક pageનું વાંચન કરે, અને છેલ્લે માંગલિક સાંભળી એકબીજાને sorry કહીને સુવા જાય.
- **પાંચમા આરામાં સંસારમાં રહી પોતાનો ભવ સુધારવા ઘરસભા થવી compulsory છે.**

## યાત્રા-સુયાત્રા, સિદ્ધત્વની ભાવયાત્રા

જગતના દરેક આત્માની જે અંતિમ મંઝિલ છે, એવા સિદ્ધક્ષેત્રની ભાવયાત્રાના ભાવવાહી દશ્યોએ સર્જી દરેક હૃદયમાં એક અનોખી સંવેદના. પરમ ગુરુદેવની ભાવવાહી શૈલીમાં, ભક્તિ સ્તવનાના વહેતાં મધુર સૂરોની સાથે ગુરુના પગલે પગલે નેમ દરબારના શામિયાણામાં રચાયેલાં સિદ્ધક્ષેત્ર પર જઈને અનેક અનેક ભાવિકોએ સ્વ મિલન, પ્રભુ મિલનની અલૌકિક અનુભૂતિ કરી હતી.




**શિષ્યરત્નો સાથે સિદ્ધશીલાની પ્રતિકૃતિ તરફ પ્રયાણ કરી રહ્યાં પરમ ગુરુદેવ**

## વરમાળા પરિણમી મોક્ષમાળમાં

જીવનસાથીને અધર્મનું પાત્ર કે સંસાર વૃદ્ધિનું પાત્ર ન બનાવીને મોક્ષમાર્ગના સહયાત્રી પાત્ર બનાવવાના પરમ ગુરુદેવના બોધ વચનોથી અનેક દંપત્તિઓએ આજીવન બ્રહ્મચર્યના પ્રત્યાખ્યાન કરીને પરસ્પર એકબીજાને મોક્ષમાળા પહેરાવતાં અહોભાવ પ્રસરાઈ ગયો હતો.





**અત્યંત અહોભાવથી સિદ્ધશીલાની ભાવયાત્રા કરતાં ભાવિકો**

# Inner Cleaning Course: આત્મ શુદ્ધિકર ધ્યાન સાધના



ગિરનારની ગોદમાં, નૈસર્ગિક વાતાવરણમાં વહેલી સવારે પ્રતિદિન Inner Cleaning Course અંતર્ગત ધ્યાન સાધના સાથે નિત્ય અલગ અલગ tasks આપી practical પ્રયોગ કરાવવામાં આવ્યાં હતાં.

મન, વચન અને કાયાની ચંચળતાને શાંત કરી, સ્વયંના મનને અલગ અલગ command આપી self controlની process એ ધ્યાન સાધના દ્વારા આત્મ શુદ્ધિની best process હતી.

Self command પણ કેવા... હું કોઈની નિંદા નહીં કરું, મારા મનનો remote control મારા હાથમાં જ રાખીશ, અપમાન, દગો આદિ દુર્વ્યવહારને delete કરીશ !

- ભીતર જઈને ભીતરનો અવાજ - inner voice સાંભળવાનો પ્રયત્ન કરો !
- સુગંધ હોય કે દુર્ગંધ - પુદગલની પર્યાય છે !
- મારા emotionsનું remote control મારી પાસે જ છે, કોઈ મને સુખી કે દુ:ખી ન કરી શકે !
- Stop judging, Stop criticising!
- અપમાનનો અહેસાસ એ મારું અજ્ઞાન છે.

⌘ COMMAND YOURSELF


**અલગ અલગ situationsમાં આપો Selfને Command**

# Youth Paryushan

આજના english mediumવાળા youngsters પરમાત્માના સિદ્ધાંતોને જાણી શકે, સમજી શકે એ લક્ષ્ય સાથે પરમ ગુરુદેવે આ પર્યુષણમાં youth માટે special english પ્રવચન રાખ્યાં હતાં.

**• Learn the Art of always Smiling • Realise the Value of what you have • Learn when to say Yes and No • Do you have Punya Nature? • What is more valuable Happiness or Peace? • Plan your Life as well as Death...** પ્રભુના સિદ્ધાંતો સાથે આજની stressful lifeમાં અત્યંત ઉપયોગી message આપતા આવા પ્રવચનો હજારો youngstersના heartને touch કરી ગયાં હતાં.





**કરુણા અને કલ્યાણના કર્તવ્યો સાથે**
**શાતા અને સમાધિ આપતાં સત્કાર્યો સાથે**
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**
**શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો**
**53rd જન્મોત્સવ બની ગયો**

# મહા માનવતા મહોત્સવ

**લાખો આત્મા સ્પંદિત થયાં**
**જ્યારે પરમ ગુરુદેવના બુલંદ બ્રહ્મનાદે પ્રગટ્યો**
**શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની**
**સંકલ્પ સિદ્ધિદાયક સાધનાનો મંત્રધ્વનિ**

**કેશોદ વિકલાંગ આસ્થા સંસ્થાને આવાસ માટે 81 લાખનું અનુદાન**



માનવતા મહોત્સવ
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો
53rd જન્મોત્સવ

## જે પોતાના સુખમાં બીજાનો ભાગ આપે તેનું નામ ભાગ્યવાન!

ગિરનારની ધરા પર કરુણાનિધાન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો 53rd જન્મોત્સવ, કરુણા અને કલ્યાણના કર્તવ્યો અને શાતા, સમાધિ, અભયદાન જેવા સત્કાર્યો, તપ, ત્યાગ, સાધના અને આરાધનાના સંકલ્પો, વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા, આગામી આયોજનના planning અને અભિવંદનાની અમીવર્ષાની સાથે કાંઈક નવું અને પ્રેરણાત્મક પામવાની તૃપ્તિ સાથે સંપન્ન થયો.



**પ્રેમે પધાર્યા:**

પરમ ગુરુદેવ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા, સમર્પણતા અને ભક્તિ ધરાવતાં પૂજનીય સંત-સતીજીઓ, 100થી વધુ જૈન સંઘો, સંસ્થાઓ, મહાનુભાવો, દેશ -વિદેશના અનેક ઉપસ્થિત ભાવિકો સાથે zoom liveના માધ્યમે ભારતના ખૂણે ખૂણેથી તેમજ વિદેશના Nairobi-Kenya, London-Uk, America, Africa, Uganda, Dubai, Sarjah, Abu Dhabi, Sudan, Singapore, Malaysia, Canada, Hong-Kong, Sweden, Italy, Switzerland, New Zealand, Thailand, Indonesia આદિ 140થી વધુ દેશોના મળીને લાખો ભાવિકો અહોભાવથી જોડાઈને ધન્ય બન્યા હતા.

## સાધના સિદ્ધિ એ કરાવી આત્મ સ્પંદના:

સ્વયં સ્ફુરિત મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના સિદ્ધસાધક પરમ ગુરુદેવે જ્યારે ત્રણ તબક્કામાં વર્ષમાં એક જ વાર થતી વિશિષ્ટ અને સંકલ્પ સિદ્ધિદાયક જપસાધના 'શુભ થાઓ સકલ વિશ્વ'ની શુભ ભાવના સાથે કરાવી ત્યારે પરમ ગુરુદેવના નાભિના બ્રહ્મનાદે લયબદ્ધ પ્રગટતા મંત્રોચ્ચારના દિવ્ય ધ્વનિએ સહુના આત્માને તો સ્પંદિત કર્યાં પણ પ્રભુપ્રેમ અને ગુરુ સાધનાની પ્રભાવકતાનો અનુભવ કર્યો.

## માનવતાની નવી પરિભાષા:

- **'પર્યુષણ' પોતાના આંસુ વહાવવાનો ઉત્સવ,**
  **'માનવતા' કોઈના આંસુ લૂંછવાનો અવસર !**
- પોતાના વિશે વિચારનાર માત્ર બહારથી મનુષ્ય હોય છે.
  સર્વના વિશે વિચારનાર અંદરથી પણ મનુષ્ય હોય છે.
- પોતાની ચિંતા કરવી એ 'યોગ્ય' છે, પણ સહુની ચિંતા કરવી એ 'સુયોગ્ય' છે.
- 'માનવ મેળો' નહીં પણ 'માનવતાનો મેળ' ઉભો કરવા માટે માનવતા મહોત્સવ છે.
- જેને દેવાનો વિચાર આવે તે દિવ્ય આત્મા હોય છે.
- **કોઈની પીડા જોઈ આપણા heartમાં પણ પીડા થાય તો સમજવું, આપણું heart પરમાત્માના heartનું એક અંશ છે.**
- સામેવાળાને 'મજબૂર' ન કરે પણ 'મજબૂત' કરે એનું નામ માનવતા.
- જે પોતાના સુખમાં બીજાને 'યાદ' કરતા નથી, તેની ભગવાન પણ 'ફરિયાદ' કરે છે.
- સામેવાળાની પરિસ્થિતિને સમજે અને ઓળખે તેને મહામાનવ કહેવાય છે.
- આપણે કોઈને કંઈ આપતા નથી પરંતુ પુણ્ય exchange કરીએ છીએ.
- કોઈને ગણતરી કરીને 'આપવું' નહીં, અને કોઈ પાસેથી ગણતરી કરીને પાછું 'લેવું' પણ નહીં.
- **પોતે પુણ્ય કરવું શ્રેષ્ઠ, અન્યને પુણ્ય કરતા શીખવાડવું સર્વશ્રેષ્ઠ.**
- પુણ્યવાન વ્યક્તિ જ્યાં જાય ત્યાંનું આખું વાતાવરણ પણ પુણ્યવાન બની જાય.
- **માત્ર આપણે પુણ્યવાન ન બનીએ સાથે અન્યને પણ પુણ્યવાન બનાવીએ.**
- કોઈના luckને વધારવું તે સૌથી મોટી માનવતા છે.
- **'મલાઈ'** વિનાના દૂધની જેમ, **'ભલાઈ'** વિનાની સંપત્તિની કોઈ value નથી.
- **શુભ થાઓ આ સકલ વિશ્વનું આ એક line અનેકોની જિંદગીને fine બનાવી શકે છે.** પદાર્થની ભેટ કરતા પણ શુભ ભાવનાની ભેટ અમૂલ્ય હોય છે.
- દરેકને જીવાડીને જીવી શકીએ તો જીવવું સાર્થક છે.
- સત્કાર્ય એ સિદ્ધિનું token money જેટલું હોય છે, એને ક્યારેય full payment ન માનવું.
- કોઈના problem સમયે એનો video ઉતારવામાં નહીં પણ, એના problemને દૂર કરવામાં આપણી પળ વીતવી જોઈએ.
- મૈત્રી ભાવના એ મોક્ષનું બીજ છે.
- અનાજનો એક **'કણ'** અને સંતોની એક **'ક્ષણ'** જેને વાવતા આવડે એ જ સાચો કૃષિકાર.
- સંત પાસેથી ક્ષણની મળેલી 'પ્રેરણા' જેનો 'પુરુષાર્થ' બની જાય તેનું જીવન સાર્થક.



## જીવદયાનો નવો પ્રકલ્પ: Animal first aid kit

જે કહી નથી શકતાં એની care કરનારા પરમ ગુરુદેવની પ્રેરણાથી જીવદયાના નવા પ્રકલ્પરૂપે Animal first aid kit launch કરવામાં આવી હતી, જેનું લોકાર્પણ સૌરાષ્ટ્રના સર્વ સંઘના પ્રમુખ અને પદાધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રેરક પુસ્તકોનું વિમોચન:

આ અવસરે પરમ ગુરુદેવના જીવનમાંથી પ્રેરણા આપતાં ગુણવૃદ્ધિ કરાવતાં આત્મ કલ્યાણકારી પ્રસંગોનું સંકલન- **'પ્રસંગોની પાઠશાળા'** પ્રેરક પુસ્તકનું વિમોચન શ્રી પરાગભાઇ શાહ, શ્રી અવંતિભાઈ કાંકરીયા, શ્રી જીગરભાઈ શેઠ, શ્રી દિનેશભાઇ મોદી, શ્રી સ્વપ્નિલભાઈ મકાતી, શ્રી ધર્મેશભાઈ શાહ, શ્રી રાજેશભાઈ કોઠારી, શ્રી આશિષભાઈ કાંકરીયાએ કર્યું તેમજ **'Know Your I'** - english bookનું વિમોચન શ્રી અજયભાઈ શેઠ, શ્રી હિતેનભાઈ મહેતા, શ્રી પ્રદીપભાઈ દોશી, શ્રી ભાવિકભાઈ શાહ, શ્રી હર્ષદભાઈ ગાઠાણી, શ્રી મેહુલભાઈ ધોળકીયા, શ્રી જયેશભાઈ અજમેરા આદિ દ્વારા થતા સર્વત્ર હર્ષ- હર્ષ છવાયો હતો.

## માનવસેવા અને જીવદયાના કર્તવ્યો:

આ અવસરે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર અભિમંત્રિત મંગલ કળશનો લાભ શ્રી અર્હાન મનનભાઈ પરાગભાઈ શાહએ લીધો હતો અને એ માતબર રકમ એમના હસ્તે કેશોદની વિકલાંગ આસ્થા સંસ્થાની નિવાસ વ્યવસ્થા માટે અર્પણ કરવામાં આવી હતી. દ્વીતિય અને તૃતીય કળશનો લાભ શ્રી મોદી પરિવાર અને શ્રી અમીબેન કોઠારી પરિવારે લીધો હતો, જે રકમ Animal first aid kitને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે અર્પણ કરવામાં આવી હતી.




Animal first aid kitનું લોકાર્પણ કરતાં સંઘ પ્રમુખ અને પદાધિકારીઓ



'પ્રસંગોની પાઠશાળા' પુસ્તિકાનું વિમોચન કરતા ભાવિકો



'Know Your I' - english bookનું વિમોચન કરતા ભાવિકો





મંગલ કળશ ગ્રહણ કરતાં શ્રી પરાગભાઈ શાહ, શ્રી મનિષભાઈ મોદી, શ્રી અમીબેન કોઠારી



દિવ્યાંગ બાલિકાઓ દ્વારા ગુરુભક્તિ નૃત્ય



'પરમ ગુરુદેવની જીવન યાત્રાનો સાક્ષી-સમય'

### પ્રેરણાત્મક પ્રસ્તુતિ:

- LNLના બાળકો દ્વારા સ્નેહભર્યું સ્વાગત.
- પુનડી-કચ્છના બાળકો દ્વારા 'પરમાત્મા કા મિલ ગયા મુઝે પતા' પ્રસ્તુતિ અર્પણ.
- કેશોદની દિવ્યાંગ બાલિકાઓ દ્વારા ગુરુભક્તિ નૃત્ય દ્વારા અર્પણ.
- LNLના students & ગુરુભક્તો દ્વારા 'પરમ ગુરુદેવની જીવન યાત્રાનો સાક્ષી-સમય' પર પ્રસ્તુતિ .

### હૃદયસ્પર્શી દશ્યાંકનો:

- Good Luckનું Secret - 'શુભ થાઓ આ સકલ વિશ્વનું !'
- खुशीयों का parcel
- Luck का Jackpot




પુનડી-કચ્છના બાળકો દ્વારા સુંદર પ્રસ્તુતિ

## પરમની પ્રેરણા

આ અવસરે પરમ ગુરુદેવે આવનારા વર્ષના planningરૂપે 'પાણ પુન્ને' અર્થાત્ કોઈને પાણી પીવરાવો ત્યારે તેને બે પાકા પાણીની bottles આપવી. એક એમને પીવા માટે અને એક અન્યને પાણી પીવરાવવા માટે અર્પણ કરવી. સ્વયં પુણ્યવાન બનવાની સાથે અન્યને પણ પુણ્યવાન બનાવવાની પ્રેરણા આપી હતી.

### લાડવા અર્પણના લાભાર્થી:

પરમ ગુરુદેવને લાડવો અર્પણ કરવાનો મુખ્ય લાભ શ્રી સંજયભાઈ કાંતિભાઈ શેઠ પરિવારે લીધો હતો અને અનેક ભાવિકોને જીવદયામાં સંપત્તિનું અનુદાન અર્પણ કરીને પરમ ગુરુદેવને લાડવો વ્હોરાવી ધન્યતા અનુભવી હતી.

### ભક્તોની હૃદયભાવના:

આ અવસરે પરમ ભક્તો એ પરમ ગુરુદેવને 10,008 પારાની માળા સાથે 'જુગ જુગ જીવો ગુરુદેવ'ના હૃદયપૂર્ણ ભાવો અર્પણ કર્યા હતા.







આગામી ચાતુર્માસાર્થે પરમધામ-પડઘા પધારવા વિનંતી કરી રહ્યા ભાવિકો



'જુગ જુગ જીવો ગુરુદેવ'- ભક્તો દ્વારા હૃદય ભાવો અર્પણમ્

# Global Kid's Paryushan:






પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વને ન માત્ર ભારતના કે ન માત્ર LNLના બાળકોએ પણ દેશ-વિદેશના હજારો જૈન-અજૈન બાળકોએ ભક્તિ ભાવે ઉજવ્યાં હતાં, સંસ્કૃતિને સજીવ રાખી હતી.

વિવિધ પ્રકારની activities અને પ્રેરણાત્મક પ્રયોગો દ્વારા પ્રભુ પ્રેમ, ધર્મ શ્રદ્ધા અને ગુરુભક્તિને દૃઢ કર્યા હતાં. આત્મ ગુણોનું મહત્વ સમજી અવગુણોને છોડવાના પ્રયાસ કર્યા હતાં.

અનેક નાના નાના બાળકોએ યથાશક્તિ તપસ્યા કરી, કર્મોની નિર્જરા કરવાનો પુરુષાર્થ કર્યો હતો.

# Baal Aalochana:



**I am Sorry, Prabhu!**

દેશ-વિદેશના હજારો બાળકોએ zoom liveના માધ્યમથી બાળ સહજ જાણતા-અજાણતા કરેલી ભૂલોની આલોચના કરી હતી અને ફરી આવી ભૂલો ન થાય તે માટે alert રહેવાની ભાવના સાથે દિલથી પ્રભુને કહ્યું હતું, I am Sorry, Prabhu!!








# ભગવાન મહાવીર જન્મોત્સવ વ્હાલોત્સવ

## પંચમ દિવસ

હે પ્રભુ !

આજે આપનો જન્મોત્સવ એટલાં ઉમંગ, ઉત્સાહ અને ઉછળતા ભાવોથી ઉજવું કે ભવિષ્યમાં તીર્થંકર પરમાત્માના પરિવારમાં જન્મ મળે !

> જીવનમાં સુખી થવાના સપના તો સહુ જોવે, મહાપુરુષ એ હોય જે અન્યને સુખી કરવાના સપના જોવે.

- **જીવ માત્રને વહાલ કરતા શીખડાવે એ પ્રભુ મહાવીર છે, એમના વહાલનો આ 'વહાલોત્સવ' છે.**
- તમારા પુણ્ય તમે ભોગવો તો તમે સામાન્ય, તમારા પુણ્ય જગત આખું ભોગવે તો તમે સર્વશ્રેષ્ઠ.
- એક પુણ્યવાનના પુણ્ય એવા હોય કે તે અન્યના પાપને પણ પુણ્યમાં convert કરી શકે.
- પરમાત્મા બનવાનું બીજ છે પરમાર્થ.
- દરેક માના હાથમાં એના સંતાનની ભાગ્યરેખા બદલવાનો અધિકાર છે.
- જે ઘરમાં **સંતના પગલાં** થતા હોય, એના **ભવોભવનો અંત** થઈ જતો હોય.
- **સંસ્કાર વગરનું બાળક સર્જવું એટલે ભગવાન વગરનું મંદિર સર્જવું.**



હૃદયના હર્ષોલ્લાસથી પ્રભુના જન્મની ક્ષણોને વધાવતાં ભાવિકો

## સંસ્કારીત શીશુનું સર્જન કરવાની સવિશેષ સમજ

- એક શૂરવીર પુરુષ ઇતિહાસ લખે છે, પરંતુ તે ઇતિહાસ લેખનની શાહી તો એક માં જ ભરી શકે છે.
- માં જો **યોગ્ય** હોય તો સંતાનને **યોગી** અને જગતને **ઉપયોગી** બનતાં વાર ન લાગે.
- પોતાની અંદર એક મહાન માતાને જન્મ દેવો, તે એક મહાન સંતાનને જન્મ દેવાની પૂર્વ તૈયારી હોય છે.
- જેમ વૃક્ષના fruitsની qualityનો આધાર તેના rootsને મળનાર પોષણ પર હોય છે, તેમજ સંતાનના સદગુણોનો આધાર માતાએ ગર્ભકાળમાં આપેલા સંસ્કારો પર હોય છે.
- જ્યારે એક સ્ત્રી સ્વયંને સદગુણો અને સદાચારથી polish કરે છે, ત્યારે જ તે એક મહાન માતા બની શકે છે.
- સંતાનને સંસ્કારીત કરવું તે **instant** નહીં **constant** process હોય છે.
- જે ગર્ભવતી માં રોજ સંત દર્શન અને ધર્મ શ્રવણ કરે છે તેનું સંતાન ધર્મથી સંસ્કારીત થાય છે.
- જો ગર્ભવતી માતા ક્રોધમુક્ત તો સંતાન પણ ક્રોધમુક્ત.
- જે ગર્ભવતી માં સંત-સતીજીનો વિનય સત્કાર કરે છે, તેનુ સંતાન વિનયવાન હોય છે.
- જે ગર્ભવતી માં સ્વયં દાન કરે છે, તેનું સંતાન વિશાલ હૃદયનું ધારક બને છે.
- જે ગર્ભવતી માં ધર્મકથાનું શ્રવણ કરે છે, તેના સંતાનમાં માનવતાના ગુણોનું સર્જન થાય છે.
- જે ગર્ભવતી માં તીવ્ર ગતિથી ચાલે છે, તેનું સંતાન ચંચળ ચિત્તવાળું હોય છે.
- જે ગર્ભવતી માંની action slow, તેનું સંતાન hyper active નથી હોતું.
- જ્યારે ગર્ભવતીમાં જોર જોરથી હસે છે, ત્યારે તેના ગર્ભસ્થ સંતાનના અવયવોને હાનિ પહોંચે છે.
- જે ગર્ભવતીમાં રુદન અને શોક કરે છે, તેનું સંતાન પણ futureમા નાની-નાની વાતોમાં રડે છે.
- જેવું ગર્ભવતી માંનું **અન્ન,** તેવું સંતાનનું **મન.**
- જે ગર્ભવતી માં સવારે આંખ ખોલતાં જ પોતાના 'કર'માં તીર્થંકરને બિરાજિત કરે છે, તેના સંતાનમાં પરમાત્મા જેવા ગુણો પ્રગટે છે.
- જે ગર્ભવતી માં મંત્ર સ્મરણ કરે છે, તે શાંત પ્રશાંત મનના સંતાનને જન્મ આપે છે.
- એક માં જાગૃત હોય તો આખો યુગ પોતાની મેળે જાગશે.


માતા ત્રિશલાદેવી ગર્ભ સંસ્કરણનું રહસ્ય ખોલતાં દશ્યાંકનો

## મારી સ્વમૈત્રી...

**હે પરમાત્મા! તમે પરમાત્મા કેવી રીતે બન્યાં?**

**હે વત્સ્! મેં 'પર' માં જતાં મારા સમયને જ્યારે 'સ્વ' ને આપ્યો, 'સ્વ' સાથે મૈત્રી કરી લીધી, ત્યારે હું પરમાત્મા બન્યો!**

**'સ્વમૈત્રી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનું શ્રેષ્ઠ કર્તવ્ય છે!'**



# રાષ્ટ્રધર્મ મહોત્સવ

## ષષ્ટમ દિવસ

### હે રાષ્ટ્રધર્મ !

**આજે સમર્પણભાવે સંકલ્પ કરું છું,**
**રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાને નિભાવવામાં હું મારા rightsને નહીં, મારી responsibilitiesને priority આપીશ.**

## બદલવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

મારે તો ચોરી કરવી નથી અને દેશને નુકસાન કરનાર કોઈપણ ચોરી કોઈને શીખવાડવી પણ નથી.

- જ્યાં સ્વાર્થના roots હોય છે ત્યાં સંસારનું વૃક્ષ હોય છે.
- જ્યારે સ્વાર્થનું મૃત્યુ થાય છે ત્યારે સાધકતાનો જન્મ થાય છે.
- **સ્વાર્થ નામનો એક અવગુણ આપણી અંદરના 100 ગુણોને zero કરી દે છે.**
- દરેક ભ્રષ્ટાચારની mother સ્વાર્થ હોય છે.
- જ્યાં સ્વાર્થ હોય છે ત્યાં રાષ્ટ્રધર્મનું મૃત્યુ થાય છે.
- જ્યાં રાષ્ટ્રધર્મ સલામત હોય છે ત્યાં સર્વ ધર્મ સલામત રહે છે.
- દરેક ધાર્મિક વ્યક્તિને મોક્ષમાં જવાની ઈચ્છા હોય છે, પણ દરેક સેવક જ્યાં હોય છે ત્યાં તેના સ્વાર્થનો મોક્ષ થઈ જાય છે.
- માત્ર પોતાના પરિવારનું ધ્યાન રાખવું તે **સ્વાર્થ** છે, જગતના સર્વ જીવોનું ધ્યાન રાખવું તે **પરમાર્થ** છે.
- જે દેશને **વફાદાર** તે દેશનો **વારસદાર**.
- આપણે માં પર નથી થૂંકતા તો, માતૃભૂમિ પર પણ ક્યારેય થૂકવું ન જોઈએ.
- નીતિમત્તામાં કચાશ હોય તો નિયતિમાં પણ કચાશ આવે.
- **એક ઈમાનદાર વ્યક્તિ, પોતાની આસપાસવાળાને નીતિનું ઇનામ આપે છે.**
- **Cheating** કરનારને પરમાત્માના દરબારમાં **clean chit** મળતી નથી.
- **Fake degree** અંતે **failure**ની દિશા આપે છે.
- ખોટું કરવા કરતાં, ખોટું ન કરવા માટે વધુ હિંમત જોઈએ.



રાષ્ટ્રધર્મના કર્તવ્યોની સમજ આપતી પ્રેરણાત્મક પ્રસ્તુતિ

રાત્રિ પ્રવચન

My Sanskriti, My identity

# My ANY-TIME partner The ATITHI culture!

- આ જગતમાં **મહેમાન** બનીને આવ્યા છીએ તો **માલિક** બનીને કેમ જીવવું ?
- જેનું આવવું નિશ્ચિત નહીં, તેનું નામ અતિથિ.
- આ પૃથ્વી પર અતિથિનો મેળો જામ્યો છે, તમામ અતિથિ છેલ્લે મેળો છોડીને જવાના જ છે.
- અતિથિને મળનાર દરેક સુખ અતિથિ જ હોય છે.
- અજાણ્યાને પોતાના બનાવવામાં વરસો વીતે તેનું નામ જીવન.
- આપણે next ભવે ક્યાંના અતિથિ બનશું તે તિથિના દિવસે fix થાય છે.
- પર્યુષણ પર્વના આઠ દિવસમાં સૌથી વધુ આયુષ્યનો બંધ થતો હોય છે.
- મને મળતાં સુખ અને દુ:ખ, માન અને અપમાન પણ અતિથિ છે.
- મારો સંકલ્પ : હું આઠમ અને પાખીના દિવસે લીલોતરીનો ઉપયોગ નહીં કરું.
- **જે આપણે રસથી જમીએ, તેમાં આપણે જન્મ પામીએ.**
- મારો સંકલ્પ: જે દિવસે પાખી, તે દિવસે સામાયિક પાકી.
- **જે હરિનો હોય, તેને આત્મશુદ્ધિની hurry હોય !**



સિદ્ધક્ષેત્રમાં લઇ જતાં LNLના સિદ્ધયાનની સમજ આપતાં બાળકો




અવગુણોથી ગુણોની Divine Journey કરાવવા LNLના સર્જનહારા પરમ ગુરુદેવને દિલસે Thank You કહેતા દીદીઓ અને બાળકો !



જૂનાગઢના SP શ્રી હર્ષદભાઈ મહેતા



> જેને sorry કહેતા વાર લાગે, તેના મોક્ષના દરવાજે પણ, Sorry, No entryનું board લખેલું હોય છે.

## સપ્તમ્ દિવસ

### હે પ્રભુ !

**મારે મારા ભૂતકાળની ક્ષમા માંગીને,**
**મારા અંદરની ગાંઠોને ખોલી નાંખવી છે ! જે જેવા છે, તે તેના કર્મો પ્રમાણે છે !**



# છોડવાની તૈયારી છે ?

**• આજનો સંકલ્પ •**

**હું મારા brainને અન્યના અવગુણોનું dumping yard નહીં બનાવું.**

- પર્યુષણ એટલે, અંદરમાં પડેલી 'ગાંઠો' ખોલવાનો અવસર.
- 'આઠ' કર્મોને છોડવા માટે, અંદરની 'ગાંઠ' છોડવી જરૂરી છે.
- **મનમાં** કોઈ negativityની ગાંઠ હોય ત્યારે જ **તનમાં** ગાંઠ થાય છે.
- સ્વજન મળે તો એવા મળજો, જે તમારા અષ્ટકર્મોની ગાંઠ ખોલનાર હોય.
- જ્યારે મનનું MRI થાય છે ત્યારે, મનમાં રહેલી ગાંઠો વિશે ખબર પડે છે.
- મનમાં negativityનું tumor નાનુ હોય તો કર્મનો **'બંધ'** થાય, અને tumor મોટું હોય તો કર્મનો **'અનુબંધ'** થાય.
- કરોડોના દાનથી પણ શ્રેષ્ઠ હોય છે, કોઈના ચરણોમાં ઝૂકીને ક્ષમાદાન કરવું.
- કર્મોનો બંધ થવો તે **'પરિસ્થિતિ'** છે, કર્મોનો અનુબંધ થવો તે **'મન:સ્થિતિ'** છે.
- મારો **વીતેલો ભૂતકાળ,** મારી **ભૂલનો કાળ** હતો.
- 'જવા દે ને' એ નાનકડો મંત્ર ક્યારેક, નમસ્કાર મંત્ર કરતા પણ મોટો મહામંત્ર બની જાય છે !
- પ્રભુ મહાવીરના ભક્ત એ જ હોય જેના મગજમાં Entry અને Exit બંને દરવાજા હોય.
- જેનું brain dumping yard જેવું હોય, તે જ્યાં જાય ત્યાં દુર્ગંધ ફેલાય; જેનું brain garden જેવું હોય, તે જ્યાં જાય ત્યાં fragrance ફેલાય.
- જીવનનો મહામંત્ર... इस कान से उसे कान चेहरे पर मुस्कान !
- બધું જ 'છોડતા' શીખવું પણ પોતાની 'ફરજ' ક્યારેય ન છોડવી.
- 'દ્વેષ'ની ગાંઠ છૂટે ત્યારે easily "sorry" થાય.



'પકડી રાખવાવાળા અંતે પડે છે.' પ્રયોગ દ્વારા પ્રેરણા..





'દરેક જનમમાં તારું નાક કાપીશ', બોધ આપતી નાટિકાના eye opener દૃશ્યો..



હળવા બનવાનું સમાધાન જેમાં છે એ 'Speed Breakers' પુસ્તિકાનું વિમોચન કરતાં ભાવિકો



પરમ ગુરુદેવના A to Z પરમાર્થની Series જૈન ક્રાંતિ magazineનું લોકાર્પણ કરતા ભક્તો



> “ક્ષમાપના એક યુદ્ધ છે
> પોતાના અહંકારની સામે, પોતાની વિરુદ્ધ”

## અષ્ટમ દિવસ

## હે ભવ્ય જીવો !

**જે આત્મા સંવત્સરી મનાવે છે, અનુભવે છે, ક્ષમાપના કરે છે,**
**એ જ આત્મા શુદ્ધ થવાનો, બુદ્ધ થવાનો અને આત્મયુદ્ધ કરવાનો અધિકારી બને છે.**




# કહેવાની તૈયારી છે ?

• **આજનો મહામંત્ર** •

ભૂલ મારી પણ હતી,
ભૂલ મારી જ હતી.

- જેના હૃદયમાં પરમાત્માનો ‘પ્રભાવ’ હોય, એને કોઈ માટે ‘અભાવ’ ન હોય.
- જે માફી માંગે તે મહાન, અને જે માફી આપે તે એના કરતાં પણ મહાન.
- ભૂલોનો **‘એકરાર’** આપણને પ્રભુ સાથે **‘એકાકાર’** કરાવે છે.
- સંવત્સરીની **‘રાહ’** ન જોવી, એની પહેલા જ sorry કહેવાની **‘ચાહ’** રાખવી.
- સ્વયં વારંવાર ઝુકીને, સામેવાળાના Egoને પણ ઝુકાવી શકે, તેનું નામ જૈન.
- **ગિરનારના 4000 પગથિયાં ચડવા સહેલા છે, જેની સાથે problem હોય, તેના ઘરના ચાર પગથિયાં ચડવા બહુ અઘરા છે.**
- ‘જેવા સાથે તેવા’ નહીં, કોઈ ભલે ને હોય **એવા ને એવા**, મારે તો બનવું છે, **‘પ્રભુ જેવા.’**
- Sorry બોલવામાં કોઇની **wait** પણ ન કરવી જોઈએ અને અને પોતે ક્યારેય **late** પણ ન કરવું જોઈએ.
- બીજાની **‘ખામી’** શોધનાર **‘માખી’** જેવા હોય છે , જે ગુણોને છોડી અવગુણોને શોધે છે.
- Sorry કહેતા જેટલી **‘વાર’** એટલો જ આપણી શાંતિ અને સમાધિ પર **‘પ્રહાર’** !
- **પશુ કદી બે હાથ જોડીને માફી માંગી ન શકે પશુ જેવા લોકો પણ કદી બે હાથ જોડીને કોઈની માફી ન માંગે.**
- **‘સંત’**ની પાસે આવનારની અયોગ્યતાનો **‘અંત’** થઇ જતો હોય છે.
- કોઈની ભૂલને ન ભૂલવી તે સૌથી મોટી ભૂલ હોય છે.
- **નયનમાં sorryના અશ્રુ સૌથી મોટી તપસ્યા હોય છે.**
- જે ઘરમાંથી **‘આગ્રહ’** છૂટે, તે ઘરમાંથી **‘વિગ્રહ’** છૂટે.

# સંવત્સરી આલોચના
## અને
# સમૂહ પ્રતિક્રમણની આરાધના



પર્વાધિરાજ પર્યુષણની સૌથી શ્રેષ્ઠ અને અનિવાર્ય આરાધના એટલે અંતરની આંખોથી આત્માનું અવલોકન કરી અનંતકાળના પાપોની આલોચના કરવી અને પ્રતિક્રમણ દ્વારા વર્ષભરના પાપોથી પાછા ફરવું, પાપનો પશ્ચાતાપ કરવો.

પરમ ગુરુદેવના શ્રીમુખેથી સમજપૂર્વક આલોચના કરી અને શ્રાવકદીક્ષા અંગિકાર કરી, દેશ-વિદેશના લાખો ભાવિકો ધન્ય બન્યાં. એક-એક પાપોને, દોષોને સ્મૃતિપટ પર લાવી, આંખોમાં અશ્રુની ધાર સાથે, પરમ ગુરુદેવ સમક્ષ આલોચના કરી, એક અનન્ય હળવાશની અનુભૂતિ સાથે સહુએ સમૂહમાં પ્રતિક્રમણની આરાધના અને ક્ષમાપનાના ઉત્કૃષ્ટ ભાવો સાથે પર્વાધિરાજ પર્યુષણને સાર્થક કર્યાં હતાં.



### ઉપકારનો સ્વીકાર - પ્રભુ પ્રાર્થના

હે અનંત તીર્થંકર પરમાત્મા ! મહા ઉપકાર છે, આપનો કે આપે અમને આ સત્યનો માર્ગ બતાવી,
અમારા આત્માને શુદ્ધ-વિશુદ્ધ કરવા અલોયણાનો આ અવસર પ્રદાન કર્યો.
હે પ્રભુ ! અનંત ઉપકાર છે આપનો. પ્રભુ ! કૃતજ્ઞ છું હું આજ તારા પ્રત્યે !
પ્રભુ ! આજ હું તારી સમક્ષ મારું heart open કરવા આવ્યો છું.
મારા વર્ષભરના પાપો-દોષોને નિર્બળ કરવા આવ્યો છું.

**'જેના પાપો નિર્બળ થઇ જાય,**
**એનો આત્મા સબળ થઇ જાય.'**



# WORLD NAVKAR DAY




# 5 કરોડ નમસ્કાર મંત્ર જપ સાધના

## આજે જે પંચ પરમેષ્ઠિને કરે નમસ્કાર, મળે તેને પંચ પરમેષ્ઠિમાં સ્થાનનો પુરસ્કાર !




**દેશ-વિદેશની અનેક schools, સંસ્થાઓ આદિ જોડાયા નમસ્કાર મંત્ર જપ સાધનામાં !**

# મહાસ્વપ્ન લાભાર્થી : મહાસ્વપ્નને કરમાં ધરી બન્યા છો આપ માંગલ્યના અધિકારી !




**1. હસ્તિરત્ન:** શ્રી અનિલાબેન દિલીપભાઈ ધોળકીયા પરિવાર - દિલ્હી **2. ઋષભ:** શ્રી વત્સલભાઈ પરાગભાઈ શાહ - ઘાટકોપર **3. કેસરી સિંહ:** શ્રી કાંતિભાઈ લાધાભાઈ શેઠ પરિવાર - રાજકોટ **4. લક્ષ્મીદેવી:** શ્રી અર્હાન મનનભાઈ પરાગભાઈ શાહ - ઘાટકોપર, શ્રી અવંતિભાઈ કાંકરીયા પરિવાર - કોલકાતા **5. પુષ્પમાળા:** માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી-બાદશાહ પરિવાર - કાંદિવલી **6. પૂર્ણ ચંદ્ર:** શ્રી જયશ્રીબેન દિનેશભાઈ પંડ્યા પરિવાર - રાજકોટ **7. લાલ સૂર્ય:** શ્રી ફાલગુનીબેન ધર્મેશભાઈ શાહ પરિવાર - અંધેરી **8. ફરકતી ધજા:** માતુશ્રી અનસૂયાબેન નટવરલાલ શેઠ પરિવાર - રાજકોટ **9. પૂર્ણ કલશ:** શ્રી કાંતિભાઈ લાધાભાઈ શેઠ પરિવાર - રાજકોટ **10. પદ્મ સરોવર:** શ્રી સાહિલભાઈ મહેતા પરિવાર - ઘાટકોપર **11. ક્ષીર સમુદ્ર:** શ્રી શ્વેતાબેન દર્શકભાઈ રૂપાણી - ઘાટકોપર **12. દેવ વિમાન:** શ્રી મનીષભાઈ મોદી પરિવાર - સાયન-માટુંગા **13. રત્ન રાશિ:** શ્રી રાજેશભાઈ કોઠારી પરિવાર - ઘાટકોપર **14. નિર્ધૂમ અગ્નિ:** શ્રી જગદીશભાઈ શેઠ પરિવાર - રાજકોટ **15. પારણીયું:** માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી-બાદશાહ પરિવાર - કાંદિવલી.

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-10-2023

### રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી

ARHAM YUVA SEVA GROUP — PAROPKAR SE PARMATMA

# અર્હમ અનુકંપા
# અર્હમ Animal Ambulances

Samast Mahajan — Harmonious with the Universe — Trust Regd. No. E/15474 (Ahmedabad)

## 11 Ambulances: 2022 + 18 Ambulances: 2023

**1,00,000 + અબોલ જીવોને આવતા 1 વર્ષમાં તાત્કાલિક સારવાર આપવાનો target !**




ગત વર્ષે અર્હમ યુવા સેવા ગ્રુપ અને સમસ્ત મહાજનના સહયોગે **11** Animal Ambulancesમાં નિષ્ણાંત doctors અને staffની સહાયથી **30,000 +** પશુ-પક્ષીઓ વેદનામુક્ત થયાં હતાં. આ વર્ષે પરમ ગુરુદેવની પ્રેરણાથી **18** Ambulances નવી આવતાં ભારતના વિવિધ ક્ષેત્રોમાં **1,00,000 +** (એક લાખ)થી વધુ અબોલ જીવોને શાતા પમાડી શકાશે.







**જીવદયાના આ સત્કાર્યમાં અનુદાન અર્પણ કરનાર પુણ્યવાન ભાવિકો:**

આ વર્ષે શ્રી અવંતિભાઈ કાંકરીયા પરિવાર, શ્રી પ્રવીણભાઈ પારેખ પરિવાર • શ્રી કંચનબેન રમણીકભાઈ શેઠ પરિવાર • શ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર • શ્રી મીનાબેન રમેશભાઈ મકાતી પરિવાર • શ્રી અરુણાબેન કિરીટભાઈ મહેતા પરિવાર • શ્રી નીતાબેન અજયભાઈ મહેતા પરિવાર • શ્રી બિપીનચંદ્ર રણછોડદાસ શાહ પરિવાર • શ્રી નિર્મલાબેન ત્રંબકલાલ દેસાઈ પરિવાર • માતુશ્રી નિર્મળાબેન મનસુખલાલ કામદાર • શ્રી પારુલબેન, અમી, આરથી (શ્રી જયશ્રીબેન મુકુંદભાઈ મહેતાની સ્મૃતિમાં)-USA • શ્રી મન્નાબેન નીલેશભાઈ શાહ-USA • શ્રી જ્યોત્સનાબેન મહેતા (શ્રી જ્યોતિન્દ્રભાઈ મહેતાની સ્મૃતિમાં)-USA • શ્રી ઐશ્વર્યાબેન છેડા-બોસ્ટન, USA પરિવાર • Reliance Foundation • શ્રી મનુભાઈ અને રીકાબેન શાહ-USA - 3 Ambulances અર્પણ કરી ધન્ય બન્યાં છે.

From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099